## તંત્રી સ્થાનેથી



Editorial....

# વિપક્ષની ફરિયાદ

સંસદમાં હોબાળા વચ્ચે વિધેયકો કેમ પસાર થઈ રહ્યાં છે તેવી ફરિયાદ વિપક્ષો રાષ્ટ્રપતિને કરવાની તૈયારી કરી રહ્યા છે, જે બિલકુલ હાસ્યાસ્પદ છે. શું વિપક્ષને એ ખબર નથી કે એ જ તો સંસદમાં હોબાળો કરી રહ્યો છે? આખરે તે રાષ્ટ્રપતિને કોની ફરિયાદ કરશે? શું ખુદ પોતાની? સવાલ એ પણ છે કે આ મામલે રાષ્ટ્રપતિ કરી પણ શું શકે છે? વિપક્ષી નેતાઓને એ ખબર જ હશે કે રાષ્ટ્રપતિ પાસે જવાથી તેમને કશું હાંસલ થવાનું નથી, આ એક વ્યર્થ જ કવાયત છે. રાષ્ટ્રપતિ ભવન સુધી તેમની દોડ સંસદની બહાર ધરણાં-પ્રદર્શન જેવા દેખાડા સિવાય બીજું કશું જ નહીં હોય. વિપક્ષને ક્ષણિક પ્રચાર સિવાય બીજું કશું મળવાનું નથી. યોગ્ય એ જ રહેશે કે વિપક્ષ એના પર વિચાર કરે કે સંસદ કયાં કારણોસર નથી ચાલી રહી? જો તે એ સવાલ પર થોડો પણ વિચાર કરશે તો તેને પોતાની ભૂલનો અહેસાસ થશે, કારણ કે જો સંસદ નથી ચાલી રહી તો તેના જ અડિયલ વલણને કારણે એવું થઈ રહ્યું છે. તેને એ આભાસ હોવો જોઇએ કે તે જે પેગાસસ જાસૂસી મામલાને ચગાવી રહ્યું છે, તે બહુ જ કમજોર બુનિયાદ પર ટકેલો છે. ગત દિવસોમાં સુપ્રીમ કોર્ટમાં એની પુષ્ટિ ત્યારે થઈ જ્યારે અરજીકર્તા ન્યાયાધીશોને એ સવાલનો જવાબ ન આપી શક્યા કે આખરે આ મામલે પુરાવા ક્યાં છે?

સમજવું મુશ્કેલ છે કે વિપક્ષ એમ કેમ નથી કહી રહ્યો કે તે એ જ્વલંત મુદ્દાઓ પર પણ ચર્ચા કરી શકવામાં નિષ્ફળ છે, જેને તે રાષ્ટ્રીય મહત્ત્વના મુદ્દા ગણાવી રહ્યો છે અને જેમને સંસદમાં ઉઠાવવાની જોરશોરથી ઘોષણા પણ કરતો રહ્યો છે. તેનો ઈનકાર નહીં કે પેટ્રોલિયમ પદાર્થોના ભાવોમાં વધારો, કિસાન સંગઠનોના આંદોલન અને કોરોનાથી પેદા થયેલ સ્થિતિ પર સંસદમાં ચર્ચા થવી જોઇએ, પરંતુ જો એવું નથી થઈ શકતું તો તેના માટે વિપક્ષ જ જવાબદાર છે. વિપક્ષના એ વાંધાનું તો કોઈ મૂલ્ય-મહત્ત્વ નથી કે હંગામા વચ્ચે વિધેયક કેમ પસાર થઈ રહ્યાં છે? શું તે એમ ઈચ્છે છે કે તેની જેમ સરકાર પણ પોતાનાં દાયિત્વોને ભૂલી જાય? સંસદ ચાલી રહી હોય તો જરૂરી વિધેયક રજૂ અને પસાર કરાવવાં સરકારની જવાબદારી છે. આ જવાબદારીની અવગણના કરવાનો મતલબ છે દેશ માટે જરૂરી કામોને અટકાવી દેવાં. જો વિપક્ષ એમ જ ઈચ્છતો હોય કે આ કામોમાં તેની પણ ભાગીદારી હોય, તો પછી તેણે એવી સ્થિતિ પેદા કરવી જોઈએ કે સંસદમાં વ્યાપક વિચાર-વિમર્શ થઈ શકે. શું એ વિચિત્ર નથી કે તે એવી સ્થિતિ પણ પેદા નથી થવા દેતો અને વિધેયકો પસાર થઈ જાય તેમાં તે વાંધો પણ ઉઠાવી રહ્યો છે? વિપક્ષોએ સંસદમાં ચર્ચા થઈ શકે તેવો માહોલ પેદા કરવો જોઇએ, તેમ છતાં જો સરકાર ચર્ચા કરવા તૈયાર ન હોય તો તેનો વાંધો યોગ્ય કહી શકાય.

# નવા પશ્ચિમ ઝોનના રહીશોને પાણીના જોડાણ માટે વધુ રેટ ચુકવવા નહીં પડે

### ૧૦ વર્ષ પહેલાં કરાયેલ ઠરાવ એએમસી અધિકારીઓએ અભેરાઈ ચડાવ્યો

**અમદાવાદ,**

મ્યુનિસિપલ હદમાં સમાવેશ કરાયેલા વિસ્તારો સહીત સમગ્ર શહેરમાં પાણીના જોડાણ લેવા માટે સમાન દર રેટના અમલ કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. ટૂંક સમયમાં પાણીના સમાન રેટની નીતિ તૈયાર કરીને અમલમાં મુકાશે. આમ નવા પશ્ચિમ ઝોનમાં પાણીના જોડાણ માટે વધુ પૈસા ચુકવવા પડશે નહી. વોટર એન્ડ સુઅરેજ કમીટીમાં ૧૦ વર્ષ પહેલાં રજુ થયેલા આ અંગેનો એક લીટીના ઠરાવને ચેરમેને રજુ કરીને શહેરના દરેક ઝોનમાં પાણીનું કનેકશન મેળવવા અંગેના દર નકકી કરવા વસુલવા માટે સમાન નીતિ તૈયાર કરવા સુચન કર્યુ હતું. આમ ૨૦૧૧માં રજુ થયેલા ઠરાવ અંગે ચર્ચા-વિચારણા કરીને તેને અભરાઈએ ચડાવી દેવાયો હોવાનું અને કરોડોના ખર્ચે હાથ ધરાતા પ્રોજેકટોના અમલમાં જ રસ ધરાવતા અધિકારીઓને રસ હોવાનું મ્યુનિ. વર્તુળોમાં ચર્ચાઈ રહયું છે. ચેરમેન જતીન પટેલે કહયું કે, ૨૦૧૧માં વોટર સપ્લાય કમીટીમાં રજુ થયેલા ઠરાવની નકલ કમીટીમાં ફરી રજુ કરીને સમાન નીતિ તૈયાર કરવા સુચના આપી છે. ઔડાના શાસન વેળા આ વિસ્તારોમાં સ્ટેગરીથી જુદા જુદા સમય ૮ કલાક પાણી અપાતું હતું અને તે માટે પાણીના જોડાણના દર નકકી કરાયા હતા.

# ડિવિડન્ડની આવક ત્રિમાસિક આઈટી રીટર્નમાં બતાવવી પડશે

**અમદાવાદ,**

કરદાતાઓને ડિવીડન્ડની આવક હવે ઈન્કમટેક્ષ રીટર્નમાં ત્રિમાસીક બતાવવી પડશે. તાજેતરમાં ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટે આઈટીઆર-૧,૨,૩ અને ૪માં બતાવું પડશે. ગત વર્ષે સરકારે આ ડિવીડન્ડની આવક પર લાગતો ટેક્ષ નાબુદ કરાયો હતો. જેને હવે શરૂ કરી દેવામાં આવતા કરદાતાઓએ તે ત્રિમાસિક રિટર્નમાં બતાવવું પડશે તેમજ એડવાન્સ ભરવાનો થતો ટેક્ષ ભરવામાં ચુક થશે તો તેના પર વ્યાજ-દંડ લાગશે.

ઈન્કમટેક્ષે આઈટીઆર ૧થી૪ રીટર્નમાં હવે કરદાતાએ ત્રિમાસિક ડિવીડન્ડની ઈન્કમની વિગતો આપવી પડશે. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કેન્દ્ર સરકારે શેરમાં રોકાણ કરતી વખતે કરદાતાને મળતા ડિવીડન્ડ ઉપર લાગતો ટેક્ષ નાબુદ કર્યો હતો. જેમાં કાયદામાં સુધારો કર્યો હતો. જેમાં કાયદામાં સુધારો કર્યો મુજબ ડીવિડન્ડની ઈન્કમને બીજી ઈન્કમ સાથે ગણતરી કરીને અને જો કરદાતાને આવક ઉપરાંત રૂ.૫૦૦૦ કરતા વધારે હોય તો ટેક્ષ ભરવાનો આવતો હોય, તેવા કિસ્સામાં કરદાતાએ એડવાન્સ ટેક્ષની જવાબદારી અદા કરવી પડશે.

# લિંકન ફાર્મા.નો નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રથમ ત્રિમાસિક ગાળાનો ચોખ્ખો નફો રૂ. ૧૭.૩૮ કરોડ થયો

**અમદાવાદ,**

ભારતની અગ્રણી હેલ્થકેર કંપનીઓમાં સમાવિષ્ટ લિંકન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે જૂન, ૨૦૨૧ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળા માટે સ્ટેન્ડઅલોન ધોરણે રૂ. ૧૭.૩૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે જે ગત નાણાંકીય વર્ષના સમાન ગાળામાં રૂ. ૧૪.૯૯ કરોડના ચોખ્ખા નફા કરતાં ૧૫.૯૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કુલ આવકો રૂ. ૧૨૨.૦૬ કરોડ નોંધાઈ હતી જે ગત નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાની રૂ. ૧૦૩.૦૧ કરોડની ચોખ્ખી આવકો કરતાં ૧૮.૪૯ ટકા વધુ હતી. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે એબિટા રૂ. ૨૬.૩૧ કરોડ રહી હતી જે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ત્રિમાસિક ગાળાની રૂ. ૨૨.૪૨ કરોડની એબિટા કરતાં ૧૭.૩૭ ટકાનો વધારો દર્શાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પહેલા ત્રિમાસિક ગાળા માટે ઈપીએસ શેરદીઠ રૂ. ૮.૬૯ રહી હતી જે ગત નાણાંકીય વર્ષના સમાન ગાળામાં રૂ. ૭.૫૦ હતી. કંપનીના પરિણામો અને કામગીરી અંગે ટિપ્પણી કરતાં લિંકન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે અમને વિશ્વાસ છે કે નાણાંકીય વર્ષ ૨૦૨૨માં આવક, માર્જિન અને નફાના આંકડામાં વધારો થશે. અમારી વ્યૂહાત્મક વૃદ્ધિ પહેલ, પ્રોડક્ટ અને ભૌગોલિક વિસ્તરણ, ઉચ્ચ કાર્યદક્ષતા અને દેવા મુક્ત સ્થિતિના લીધે ટૂંકાથી મધ્યમ ગાળા માટે તમામ હિસ્સેદારો માટે મહત્તમ મૂલ્યસર્જન થવાની શક્યતા છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે કંપની ૧૫-૨૦ ટકાનો વેચાણ વૃદ્ધિ દર હાંસલ કરવાની અને તંદુરસ્ત એબિટા તથા નેટ પ્રોફિટ માર્જિન જાળવી રાખવાની યોજના ધરાવે છે. પ્રોડક્ટ બાસ્કેટને વિસ્તારતા કંપની સ્થાનિક બજારોમાં છથી સાત નવી પ્રોડક્ટ્સ રજૂ કરવાની યોજના અને નિકાસ બજારો માટે ૨૦-૨૫ નવા ડોઝિયર અપ્રૂવલની ગણતરી ધરાવે છે. યુરોપિયન યુનિયન બજારોમાં નિકાસો નાણાંકીય વર્ષ ૨૦૨૨ના ચોથા ત્રિમાસિક ગાળાથી શરૂ થાય તેવી શક્યતા છે.

છેલ્લા પાંચ વર્ષોથી કંપનીએ નફામાં ૨૦ ટકાથી વધુ સીએજીઆર અને વેચાણમાં ઊંચો સિંગલ ડિજિટ વૃદ્ધિદર નોંધાવ્યો છે. મજબૂત પાયો, રોકડનો તંદુરસ્ત પ્રવાહ, દેવામુક્ત સ્થિતિ અને નોંધપાત્ર રિટર્ન રેશિયોના લીધે કંપનીની તરલ સ્થિતિ સારી છે. કંપનીની ફાયનાન્શિયલ રિસ્ક પ્રોફાઈલમાં સુધારાના લીધે રેટિંગ એજન્સી ઈકરાએ કંપનીની લોંગ ટર્મ અને શોર્ટ ટર્મ બેંક ફેસિલિટીઝનું રેટિંગ સુધારીને અનુક્રમે એ અને એવન કર્યુ છે.

# પિતા-પુત્ર એ મોટા ધંધાની વાતો કરી યુવાન વહેપારી સાથે લાખોની ઠગાઈ કરી







### ભાડે આપેલો ફલેટ પણ પચાવી પાડવા ખોટા ભાડા કરાર કરી વહેપારીને ધાક ધમકી આપી

નકલી ડોકટર અને ભાગીદારીના ખોટા કરારોના આધારે છેતરપીંડી કરતી ટોળકીનો પર્દાફાશ થતાં આરોપીઓને ઝડપી પાડવા વાસણા પોલીસની કાર્યવાહી

**અમદાવાદ,**

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી છેતરપીંડીની ફરિયાદોમાં ચોંકાવનારો વધારો થયો છે ખાસ કરીને વહેપારીઓ સાથે થતી કરોડોની છેતરપીંડીમાં આરોપીઓને પકડી લેવા માટે પોલીસતંત્ર દ્વારા ખાસ ટીમો બનાવવામાં આવી છે. ભેજાબાજ ગઠીયાઓ હવે નાના વહેપારીઓ તથા સામાન્ય નાગરિકો સાથે પણ અવનવી મોડસ ઓપરેન્ડી વાપરી ઠગાઈ કરવા લાગ્યા છે આવો જ એક બનાવ શહેરના પાલડી વિસ્તારમાં બન્યો છે જેમાં વિઝા અને પાસપોર્ટ કન્સલ્ટીંગનું કામ કરતા યુવાન વહેપારીનો વિશ્વાસ કેળવી પિતા-પુત્રએ લાખો રૂપિયાની છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ વાસણા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

ચોંકાવનારી બાબત એ છે કે આ ગુનામાં ખોટા પુરાવા ઉભા કરી વહેપારીનો ફલેટ પણ પડાવી લેવાની ધાકધમકી આપવામાં આવી હોવાની પણ ફરિયાદ નોંધાતા પોલીસે આ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આરોપીઓએ પોલીસને પણ ખોટી ફરિયાદ નોંધાવી ગેરમાર્ગે દોરવાનો પણ પ્રયાસ કર્યો હતો પરંતુ આ ઠગ ટોળકીની છેતરપીંડીનો પર્દાફાશ થતાં જ હવે પોલીસે આરોપીઓને ઝડપી લેવાની કાર્યવાહી શરૂ કરી છે.

આ અંગેની વિગત એવી છે કે અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં રામવિહાર સોસાયટીમાં રહેતા અને નવરંગપુરામાં મેઘ કન્સલ્ટન્સી નામની ઓફિસ ધરાવતા યુવાન વહેપારી બિરેનભાઈ પ્રવિણભાઈ શાહના સંપર્કમાં કુશલ બ્રહ્મક્ષત્રિય અને તેના પિતા કમલેશ બ્રહ્મક્ષત્રિય આવ્યા હતા આ બંને પિતા પુત્ર એ બોગસ કંપનીઓ ઉભી કરી હતી તેઓ ફરિયાદી બિરેનભાઈ શાહના સંપર્કમાં આવ્યા બાદ ધંધાની મોટી મોટી વાતો કરી હતી. આરોપીઓ અમદાવાદ શહેરના મકરબામાં ટોરેન્ટ સબ સ્ટેશન પાસે આવેલા અન્વયા ફલેટમાં રહે છે.

૨૦૧૬ના વર્ષમાં પિતા-પુત્ર દ્વારા રૂપલબેન શાહની ઓળખાણ તેમના ભાગીદાર તરીકે કરાવી હતી. રૂપલબેન શાહ વ્યવસાયે ડોકટર અને મુંબઈ જશલોક હોસ્પીટલ અને અમદાવાદ સ્મીસ હોસ્પિટલમાં ભાગીદાર હોવાનું જણાવ્યું હતું આ ઉપરાંત હાર્ટની સર્જરીમાં વપરાતા સ્પ્રે નો તેમને બહુ મોટો વ્યવસાય હોવાનું જણાવ્યું હતું. આ દરમિયાનમાં ડોકટર રૂપલ શાહ પર ઈન્કમટેક્ષની ઈન્કવાયરી આવતા તેમનું એકાઉન્ટ સીલ કરી દેવામાં આવ્યું હોવાનું આ પિતા-પુત્રએ જણાવ્યું હતું તેમના ખાતામાં ૭૦ કરોડ જેટલી માતબર રકમ પડેલી છે પરંતુ હાલમાં તેમને સ્પ્રે નો ધંધો આગળ વધારવા માટે હાલમાં નાણાંની જરૂર પડી છે અને જો રૂપિયા આપવામાં આવશે તો તેમાંથી ખુબ જ મોટો નફો મળે તેમ છે તેવી હકીકત જણાવી હતી બંને પિતા-પુત્રએ સ્પ્રે વેચવા માટેના ફાર્મા કંપનીના લાયસન્સ બતાવી કુશલને પણ રૂપલબેને ભાગીદાર બનાવ્યા છે તેવી હકીકત જણાવવામાં આવી હતી જેના પરિણામે વિશ્વાસમાં આવી રૂપલબેનને રૂા.૨૦.૫૦ લાખ અને કુશલે પણ રૂા.૧૫.૫૦ લાખની માતબર રકમ બિરેનભાઈ શાહ પાસેથી લીધી હતી ત્યારબાદ નિયત કરેલી સમય મર્યાદામાં આ રૂપિયા પરત નહી આપતા બિરેનભાઈએ તેની ઉઘરાણી શરૂ કરી હતી પરંતુ બંને પિતા-પુત્ર વાયદાઓ આપવા લાગ્યા હતાં આ ઉપરાંત તેમણે ચેક આપ્યા હતા જોકે આ ચેક પણ રીર્ટન થયા હતાં જેના પગલે બિરેનભાઈએ બંને પાર્ટનર કુશલ અને રૂપલ ઉપર કેસ કરવાની વાત કરતા તેઓએ કુશલ અને તેના પિતા કમલેશ બ્રહ્મક્ષત્રિય નામનો ફલેટ રૂા.૮૫ લાખમાં વેચાણથી બિરેનભાઈને આપ્યો હતો અને ઉછીના લીધેલા રૂપિયા ઈન્કમટેક્ષનો કેસ પતે કે તરત જ પરત આપી દેવાની બાંહેધરી આપી હતી.

આ દરમિયાનમાં રૂપલબેન શાહના માતા-પિતા ઉંમરલાયક હોવાથી કુશલ અને કમલેશભાઈ પાસેથી ખરીદેલો ફલેટ ભાડે આપવા માટે જણાવ્યું હતું જોકે આ અંગે ભાડા કરાર કર્યા બાદ ફલેટ ભાડે આપ્યો હતો.

પરંતુ થોડા સમય પછી ભાડાના રૂપિયા સમયસર ચુકવવામાં આવતા ન હતા સાથે સાથે ૨૦૨૦માં ભાડા કરારની મુદત પુરી થતાં હિસાબ કરીને રકમ શરત પ્રમાણે આપવા રૂપલબેન શાહને જણાવ્યું હતું આ સમયે રૂપલબહેને રૂા.૩.૫૦ લાખનો ચેક આપ્યો હતો પરંતુ આ ચેક પણ રિટર્ન થયો હતો જે અંગે તેમના ઉપર કેસ કરવામાં આવ્યો હતો ત્યારબાદ ૨૦૨૦ના વર્ષમાં કુશલ અને રૂપલબેનના સગા અચાનક જ ઠગાઈનો ભોગ બનેલા બિરેનભાઈ શાહની ઓફિસમાં આવી પહોંચ્યા હતા અને તેમની સાથે મારામારી કરી હાથમાં ફેકચર કરી નાંખ્યું હતું.

ફરિયાદ પાછી ખેંચી લેવા માટે ધમકીઓ આપવા લાગ્યા હતા અને ફલેટ પચાવી પાડવાના હેતુથી ખોટા કેસમાં ભરાવી દેવાની પણ ધમકી આપી હતી.

આરોપીઓના મનસુબા બહાર આવવા લાગતા યુવાન વહેપારી બિરેનભાઈ શાહે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આરોપીઓએ ફલેટના વેચાણ પહેલાના સમયથી બોગસ નવ્વાણુ વર્ષનો ભાડા કરારનો દસ્તાવેજ કરી ખોટો પુરાવો ઉભો કર્યો હતો અને મકાન ખાલી નહી થાય તેવુ જણાવ્યું હતું.

અગાઉ પણ કુશલ બ્રહ્મક્ષત્રિયએ રૂપલબેનને ફલેટ લાગ્યો છે અને તે વેચવાના બહાને રૂા.૭૫ લાખનું ચીટીંગ કર્યુ છે જેનો કેસ હજુ પણ ચાલુ છે.

આમ પિતા કમલેશ બ્રહ્મક્ષત્રિય અને પુત્ર કુશલ બ્રહ્મક્ષત્રિય દ્વારા સારા વહેપારીની છાપ ઉભી કરી સગાઓ તથા પરિચીતોને છેતરવાનું કૌભાંડ આચરી રહયા છે. બિરેનભાઈ સાથે રૂા.૨૪ લાખથી વધુની ઠગાઈ આ પિતા-પુત્ર એ કરી છે. આ અંગે વાસણા પોલીસ સ્ટેશનમાં બિરેનભાઈએ ફરિયાદ નોંધાવતા પોલીસ અધિકારીઓની ઝીણવટભરી તપાસમાં આ તમામ ખોટા દસ્તાવેજોની વિગતો તથા છેતરપીંડીની મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ થઈ ગયો છે. ખોટા ફાર્માસ્યુટિકલ લાયસન્સ અને ભાગીદાર પેઢીના પાન કાર્ડ બનાવી તથા એકાઉન્ટ ખોલી સમગ્ર ષડયંત્ર રચવામાં આવ્યું છે આ સમગ્ર હકીકતનો પર્દાફાશ થયા બાદ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરના આદેશથી પોલીસ ઈન્સ્પેકટર ઝાલા એ આ અંગે ગુનો દાખલ કરી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી શરૂ કરી છે.

<u>સોમનાથ-દ્વારકા-સ્ટેચ્યુ ઓફ યુનિટીએ જતાં</u>

# લોકોનો ભારે ધસારોઃએસ.ટી.-ખાનગી લકઝરીઓમાં મુસાફરો વધ્યા

### આઠમના તહેવારોને લઈને સૌરાષ્ટ્ર તરફ જતી બસો હાઉસફૂલ

**(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ,**

શ્રાવણ મહિનાની શરૂઆત થતાં જ તહેવારો શરૂ થઈ જશે. પાંચમ-છઠ્ઠ-સાતમ અને આઠમના તહેવારોની સાથે સાથે રક્ષાબંધન પણ છે. આમ, એક પછી એક તહેવારો આવતા જ લોકો પોતાના ગામ જઈ રહ્યા છે. તો દ્વારકા, સોમનાથ, ડાકોર, શામળાજી સહિતના સુપ્રસિધ્ધ યાત્રાધામોએ દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે. જેને કારણે એસ.ટી. બસોમાં તથા ખાનગી લકઝરીઓમાં મુસાફરોની સંખ્યા વધી રહી છે.

ગુજરાતમાં અન્ય રાજ્યોની સરખામણીમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે. તો બીજી તરફ 'કોરોનાની ગાઈડલાઈનના પાલન સાથે યાત્રાધામો ખુલતા જ ભક્તો-શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન માટે મોટી સંખ્યામાં જઈ રહ્યા છે. એસ.ટી.તંત્રએ પણ નીતિ-નિયમોને ધ્યાનમાં રાખીને બસોમાં મુસાફરોને ભરી રહ્યુ છે. લગભગ ૭૫ ટકા પેસેન્જરો સાથે બસ દોડવાઈ રહી છે. તો શ્રાવણ મહિનાનો અને આઠમના તહેવારોને લઈને સૌરાષ્ટ્ર-તરફ જતી બસોમાં ભીડ વધી છે.

તહેવારો અને તેમાં પણ આઠમનું મહત્ત્વ સૌરાષ્ટ્રમાં વિશેષ છે. જો કે આ વખતે આઠમના મેળાઓ યોજાવાના નથી. પરંતુ તહેવારોનો પોતાના વતન જઈને મનાવવા માટે સેંકડો લોકોએ દોટ લગાવી છે. પરિણામે એસ.ટી.બસો તથા ખાનગી લકઝરીઓમાં એકંદરે મુસાફરો વધ્યા છે. સોમનાથ-દ્વારકાના સાથે સાથે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' જવા માટે પણ ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

# કફ સીરપનું ગેરકાયદેસર વેચાણ કરતા બે શખ્સ પકડાયા

**અમદાવાદ,**

બાવળા ખાતે પોલીસે વોચ ગોઠવી કફ સીરપનું ગેરકાયદેસર વેચાણ કરતા બે શખ્સોને પકડી તેમની પાસેથી ૧૮૪ કફ સીરપની બોટલ સહીત રૂા.૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જયારે બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પકડાયેલા આરોપીમાં એક બહેરામપુરા ખાતે રહેતો હોવાનું જાણવા મળે છે. પોલીસે કફ સીરપના જથ્થાને લઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ, જીલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે જીલ્લામાં નશીલા પદાર્થની બદી નાબુદ કરવા માટે સુચના આપી હતી. જેના પગલે બાવળા પોલીસ મથકના પીઆઈ આર.ડી. વગેરે ટીમને જરૂરી સુચના આપી કાર્યવાહી કરવા જણાવ્યું હતું. જેથી બાવળા પોલીસ મથકની ટીમ પેટ્રોલીગમાં હતી ત્યારે ચોકકસ બાતમીના આધારે બાવળા ખાતે વોચ ગોઠવી કફ સીરપનું ગેરકાયદેસર વેચાણ કરતા બે શખ્સોને કફ સીરપની ૧૮૪ બોટલ કિ.રૂ.૨૧ હજાર સાથે પકડી પાડયા હતા.

પકડાયેલા શખ્સોમાં મોહંમદ રફીક સિપાઈ (રહે. બહેરામપુરા તથા ભુપત ખલીફા રહે. બાવળાની સમાવેશ થાય છે. જયારે માજીદ રહે જમાલપુર અને વિઠ્ઠલ પટેલ રહે. બાવળાને વોન્ટેડ જાહેર કરાયા છે.

પકડાયેલા આરોપીઓના કબજામાં કફ સીરપની ૧૮૪ બોટલ ઉપરાંત મોબાઈલ ફોન રીક્ષા તથા બાઈક મળી કલ રૂા.૧ લાખનો મુદ્દામા પોલીસે જપ્ત કર્યો છે. પકડાયેલા આરોપીઓ આ જથ્થો કયાંથી લાવ્યા હતા અને કોને આપવાના હતા તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે. આરોપીઓ સામે પોલીસે એનડીપીએસ એકટ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

# ૧૦૦ મીટર દૂર તો શું સ્કુલની આસપાસ પણ પાનનો ગલ્લો ન હોવો જોઈએઃ હાઈકોર્ટ

**અમદાવાદ,**

ભાવનગરની સરકારી પ્રાથમીક સ્કુલ પાસે પાન પાર્લર ચાલુ રહેતા ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હીતની અરજી કરવામાં આવી હતી. અરજદારના વકીલે રજુઆત કરી હતી કે સ્કુલ પાસે પાન પાર્લર હોવાથી બાળકો પર તેની વિપરીત અસર પડી શકે છે. આ માટે વારંવાર વહીવટી તંત્રને જાણ પણ કરવામાં આવી છે. તેમ છતાં કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. જેથી કોર્ટે સરકારને કહયું કે ૧૦૦ મીટર દૂર તો શું તેની નજીક કે પણ આવો પાનનો ગલ્લો ન હોવો જોઈએ. તેમજ કોર્ટે જીલ્લા વિકાસ અધિકારીને પગલાં લેવા આદેશ કર્યો હતો. આદેશ કર્યા બાદ કોર્ટે અરજી ડિસમીશ કરી હતી.

અરજદારના વકીલે હાઈકોર્ટમાં રજુઆત કરી હતી. કે ૨૦૦૩ના કેન્દ્ર સરકારના નિયમો મુજબ સ્કુલની ૧૦૦ મીટરના અંદરના વિસ્તારમાં પાનની દુકાન ન હોય શકે તે માટે જોગવાઈ કરવામાં આવી છે. તેમજ સ્કુલ પાસે પાનનો ગલ્લો હોવાને કારણે પ્રાથમીક સ્કુલમાં ભણતા ૬થી ૧૪ વર્ષના બાળકો પર વિપરીત અસર પડે છે. ભાવનગરના પીપળી ગામમાં આવેલી સરકરી પ્રાથમીક સ્કુલની બાજુમાં જ સીગારેટ ગુટખા, પાન વેચતું પાર્લર આવેલું હોવાથી તેની બાળકો પર ખરાબ છાપ પડી રહી છે.

આ અરજી અંગે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશે સરકારને પ્રશ્ન કર્યો હતો કે સ્કુલની બાજુમાં પાનનો ગલ્લો આવ્યો હોવા છતાં તેની સામે કેમ પગલા નથી લેવાયા ? કોર્ટે સરકારને પુછયું કે બાળકોને કેમ બગાડી રહયા છો ? ૧૦૦ મીટર તો શું તેની નજીક પણ આવો પાનનો ગલ્લો ન હોવો જોઈએ.

# એનઓસી રિન્યુઅલ માટે હવે ફાયર વિભાગ પત્ર લખશે

**અમદાવાદ,**

શહેરના વિવિધ વિસ્તારમાં જયાં હાઈરાઈઝ બિલ્ડીગનું ફાયર એનઓસીની મુદત ઓગસ્ટમાં પુરી થતી હોય તે તમામને ફાયરબ્રીગેડ એનઓસી રીન્યુ કરાવવા માટે પત્ર લખી જાણ કરશે. ઓગસ્ટમાં ૧૬૧ બિલ્ડીગન સત્વરે ફાયર એનોઅસી રીન્યુ કરાવવાની તાકીદ કરવામાં આવી છે. આ તમામ બિલ્ડીગના નામ પણ મ્યુનિ.ની વેબસાઈટ પર મુકયા છે. જેથી નાગરીકો સરળતાથી જાણી શકે કે તેમને ફાયર એનઓસી રીન્યુ કરાવવાની છે. હિમાલયા એલાન્ઝા ઝાયડઝ, ટાવર ટાઈટનિયમ એ કોર્મશીયલ સ્કાય વોક, નક્ષત્ર હાઈટસ રેમડી હોસ્પિટલ પ્રથમ હોસ્પીટલ ધી લાઈફલાઈન ગૃપ ઓફ હોસ્પિટલ પરીમલ હોસ્પીટલ સહીત ૧૬૧ જેટલી બિલ્ડીંગોને ફાયર વિભાગે પત્ર લખ્યો છે.

<u>કોરોનાને કારણે</u>

# અમદાવાદમાં નાની- મોટી એડવર્ટાઈઝીંગ એજન્સીઓના પેમેન્ટ અટક્યા

### મુંબઈ- દિલ્હીથી આવતો બિઝનેસ હજુ ૫૦ ટકા સુધી ઠપ્પ : સંભવિત ત્રીજી લહેરને લઈને ચિંતા

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

કોરોના કેસો ઘટતા અને વેકસીનેશનની કામગીરી ઝડપી થતા જ દેશમાં વિશ્વાસનું વાતાવરણ સર્જાયુ છે. જેનો લાભ વ્યાપાર-ધંધાને મળતા કોરોનાકાળમાં આર્થિક નુકસાનથી વ્યાપક અસર થયેલ વેપાર-ધંધામાં વાતાવરણ કેટલેક અંશે ચેતનવંતુ થતા સેકંડો વ્યવસાયકારોએ રાહતનો શ્વાસ લીધો છે.

તેમ છતાં હજુ પણ ૫૦ ટકા જેટલો ધંધો જુદા-જુદા વ્યવસાયોમાં ઠપ જેવી હાલતમાં છે. અમદાવાદ જેવા મોટા શહેરમાં કામ કરતી અંદાજે ૩૦ જેટલી નાની-મોટી એડવર્ટાઈઝીંગ એજન્સીઓના કામકાજમાં સુધારો જણાઈ રહયો છે. એડવર્ટાઈઝીંગ એજન્સીઓનો લગભગ મોટાભાગનો બિઝનેસ દિલ્હી- મુંબઈ જેવા શહેરોમાંથી આવતો હોય છે. પરંતુ હજુ કોરોનાને લઈને આવતા અહેવાલો તથા અમુક રાજયોમાં કેસોમાં થઈ રહેલો વધારો વ્યવસાયને અસર કરી રહયો છે અમદાવાદમાં મોટી-મોટી કંપનીઓએ રોકાણ કર્યુ છે જેમાં દેશ-વિદેશની કંપનીઓની ઓફિસોનો સમાવેશ થાય છે.

તેમની બ્રાંચ ઓફિસો અમદાવાદ હોય છે પરંતુ હેડ-ઓફિસો મુંબઈ- દિલ્હી જેવા મોટા શહેરોમાં હોય છે એટલે એડવર્ટાઈઝીંગ એજન્સીઓનો બિઝનેસ ત્યાંથી આવતો હોય છે. હાલમાં ૫૦ ટકાનો ધંધો મળી રહયો હોવા છતાં બજારમાં રોકડ સરકયુલેશન ઓછુ થયુ છે. પરિણામે એક તો ધંધા-વ્યવસાયને ફટકો પડયો છે તો બીજી તરફ લગભગ રૂ.એક કરોડ જેટલા પેમેન્ટો અટકી ગયા છે ખાસ કરીને નાની-મધ્યમ કક્ષાની એજન્સીઓના નાણા ફસાયા હોવાથી તેમને ચલાવવી મુશ્કેલ થઈ રહી છે જોકે, અમદાવાદમાં વેકસીનેશનની કામગીરી ઝડપી થતા તથા કોરોના કેસ ઘટવાને લીધે રાજય સરકારે નિયંત્રણો હળવા કૃયા છે. ખાસ કરીને હોટલ- રેસ્ટોરન્ટ ઉદ્યોગ ધમધમતો થયો છે જેને લીધે અગાઉ જે સ્થિતિ હતી તેમાં સુધારો જરૂર થયો છે પરંતુ ઓવરઓલ બિઝનેસના સંદર્ભમાં ગાડી પાટે ચઢતા થોડો સમય જશે.

જોકે વ્યવસાયકારોને સંભવિત ત્રીજી લહેરને લઈને ચિંતા છે ફરીથી કેસો વધશે અને નિયંત્રણો આવશે તો તેની સીધી અસર ધંધા-વ્યવસાયને થશે આમ તો કોરોના સામેની લડતમાં વેકસીનેશન જે પ્રકારે ઝડપથી થઈ રહયુ છે તેને લઈને સૌ કોઈ આશાવાદ છે. બસ સંભવિત ત્રીજી લહેર ન આવે તેવી પ્રાર્થના સૌ કોઈ કરી રહયું છે.

### લૂંટની ઘટનાઓમાં સ્થાનિક લોકોની સંડોવણીની આશંકા

# બોપલ-શીલજ સહિતના વિસ્તારોમાં કામ કરતા મજુરોનું વેરીફિકેશન કરવું જરૂરી

### પોલીસ કાર્યવાહી સામે સવાલો ઉઠતાં જ અધિકારીઓ સતર્કઃ ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળા મારવા જેવો ઘાટ

**(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ,**

અમદાવાદનો ભૌગોલિક વિસ્તાર વધ્યો છે. પરંતુ તેની સામે સુવિધાથી લઈને નાગરીકોના જાનમાલના રક્ષણની જવાબદારી અદા કરવામાં તંત્ર કેટલેક અંશે ઉણું ઉતર્યુ છે. તેની પ્રતિતિ સામાન્ય નાગરીકને પાછલા કેટલાંક સમયથી થઈ રહી છે. ખાસ કરીને ચોરી-લૂંટફાટની ઘટનાને લઈને પશ્ચિમ અમદાવાદનો નાગરીક ભયભીત થઈ ગયો છે. બોપલ-શીલજ-શેલા ઘુમા સહિતના વિસ્તારોમાં મોટી સંખ્યામાં મકાનો -ફલેટો ખેતરો- અને ખુલ્લા રસ્તાઓને અડીને આવલા છે. લૂંટારૂ ટોળકીઓ આ વિસ્તારમાં આવેલા મકનોને ટાર્ગેટ કર છે અને લુંટ ચલાવે છે. પછી આસાનીથી અંધારાનો લાભ લઈને ભાગી જાય છે એવું પ્રારંભિક તબક્કે અનુમાન લગાવી શકાય તેમ છે.

પરંતુ લૂટારૂ ટોળકી આવે છે કયાંથી?? સવાલ એ છે કે શુ અગાઉથી રેકી કરે છે કે પછી કેટલાંક સ્થાનિક લોકો તેમની સાથે સંકળાયેલા છે?? ચડ્ડી-બનિયાનધારી ટોળકી પંચમહાલ-દાહોદ અથવા મધ્ય પ્રદેશના જાંબુઆ જીલ્લાના આદિવાસીઓની ટોળકી હોઈ શકે છે એવા તર્કને ધ્યાનમાં રાખીને પોલીસ તપાસ કરી રહી છે ત્યારે કેટલાંક મહત્ત્વના પ્રશ્નો ઉપસ્થિત થઈ રહયા છે.

આ તમામ વિસ્તારોમાં બિલ્ડરોની નાની-મોટી અનેક સ્કીમો અમલમાં છે. તેમાં જુદા જુદા રાજયોમાંથી સેકડો કારીગરો કામ કરે છે ત્યારે સ્વાભાવિક છે કે આ તમામ કારીગરોનું જે તે બિલ્ડર કે કોન્ટ્રાકટરો દ્વારા પોલીસ વેરીફિકેશન કરાય છે કે કેમ?? માની લઈએ કે કોઈ કારીગર-મજુર ગુનામાં સંડોવાયેલો નથી. પરંતુ તે ટોળકીના લોકોને માહિતી નહી પહોંચાડતો તો નહીં હોય ને?? તેની શુ ખાતરી?? મોટી સંખ્યામાં કારીગરો કે મજુરો કામ કરતા હોય ત્યારે તેમના ભૂતકાળના ઈતિહાસને તપાસવો જરૂરી છે.

બીજી તરફ સ્થાનિક વિસ્તારોમાં અનેક ઝૂંપડપટ્ટીઓ આવેલી છે ત્યારે એ દિશામાં પણ તકેદારી રાખવી જરૂરી બની ગઈ છે. તેમાંથી કેટલીક ઝુંપડપટ્ટીઓ તો ગેરકાયદે, ઉભી થઈ હોવાની આશંકા છે. આવી સ્થિતિમાં શંકાના દાયરામાં કોઈપણ આવી શકે છે. સૌથી અગત્યની બાબત એ છે કે આ વિસ્તારોમાં છેવાડાની સાઈડમાં અનેક સોસાયટીઓ-ફલેટો છે તેથી પોલીસ પેટ્રોલીંગ વધુ સઘન બને એ આવશ્યક છે. પરંતુ રૂરલ પોલીસ જયારે જયારે આવી લૂંટફાટની ઘટના બને ત્યારે એકટીવ થઈ જાય છે એવું ધ્યાન પર આવ્યુ છે.તકેદારી નહીં રાખવાને કારણે આવા તત્ત્વો ઘુસી જતાં હોય છે. તેઓ મજુરોની સાથે ઘુસી જતા હોય તો તે અંગે કોઈને શંકા પણ જતી નથી અને એટલે જ આવા તત્ત્વો પકડાતા નથી.

સામાન્ય રીતે આવી ઘટનાઓ બને તે પછી જ પોલીસ સક્રિય થતી હોવાની સામાન્ય સમજ નાગરીકોના મનમાં હોય છે. અત્યારે ૫૦૦ પોલીસ જવાનોને ગુનેગારોને પકડવા મેદાનમાં ઉતારાયા છે. આ બાબત આવકારદાયક હોવા છતાં 'ઘોડા ભાગી છૂટ્યા પછી તબેલાને તાળા' જેવો ઘાટ સર્જાયો છે. અગાઉ એકાદ-બે ઘટના બની ત્યારપછી પોલીસ સર્તક થઈ ગઈ હોત તો લુંટારૂઓ આટલા બેફામ થયા નહોત?? એવી લોકમુખે ચર્ચા ચાલી રહી છે.

# મહીસાગર ડબલ મર્ડર કેસમાં ભાજપ નેતાનો ખાસ મિત્ર જ હત્યારો નીકળ્યો

**મહીસાગર,**

પાંચમી ઓગસ્ટના રોજ લુણાવાડાના પાલ્લા ગામ ખાતે બીજેપીના નેતા અમે તેમના પત્નીની થયેલી હત્યાનો કેસ પોલીસે ઉકેલી નાખ્યો છે. આ મામલે પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી છે. આ હત્યા બીજા કોઈએ નહીં પરંતુ મૃતકના મિત્રએ જ કરી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે પૈસાની લેતીદેતીમાં આ હત્યા નિપજાવવામાં આવી હોવાની આશંકા છે. હત્યારો મૃતકની સામે જ રહેતો હતો. બીજેપી નેતા અને તેમના પત્નીની હત્યાના જિલ્લા અને રાજ્યમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. ગૃહ રાજ્ય પ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ આ મામલે તપાસના આદેશ આપ્યા હતા. લુણાવાડા ડબલ મર્ડર મામલે પોલીસે સોમવારે મૃતક ત્રિભોવનભાઈ પંચાલના મિત્ર ભીખા પટેલની ધરપકડ કરી છે. ભીખા પટેલ મૃતક ત્રિભોવન પંચાલની સામે જ રહે છે. આ બનાવ લુણાવડાના ગોલાના પાલ્લા ગામ ખાતે બન્યો હતો. ત્રિભોવન પંચાલ અને તેમના પત્નીની માથામાં તીક્ષ્ણ હથિયારના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે આ મામલે ખુલાસો કર્યો છે કે પૈસાની લેતીદેતીમાં ત્રિભોવન પંચાલના ખાસ મિત્ર ભીખા પટેલે બેવડી હત્યા કરી હતી. મહીસાગર પોલીસ આ મામલે ભીખા પટેલની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. પાંચમી ઓગસ્ટના રોજ સમાચાર આવ્યા હતા કે મહીસાગર જિલ્લાના લુણાવડાના પાલ્લા ગામ ખાતે બીજેપી નેતા ત્રિભોવનભાઈ પંચાલ અને તેમના પત્ની જશોદાબેન પંચાલની હત્યા કરવામાં આવી હતી. હત્યાનો ગુનો ઉકેલવા તેમજ વિવિધ કડીઓ જોડવા માટે પોલીસે ડૉગ સ્કવૉડ અને એફએસએલની પણ મદદ લીધી હતી.

SHARE MART™ Market to better the best

**MARKET CREATORS LIMITED**

**Registered Office :** 'Creative Castle' 70, Sampatrao Colony, Vadodara - 7
**Ph.** : 0265 - 2354075 Fax : 2340214 • **Email**: info@marketcreators.net
**Website** : www.sharemart.co.in • **CIN No.**: L74140GJ1991PLC016555

**Statement of Unaudited Financial Results for the Quarter Ended 30/06/2021**

(₹ in lacs)

| Particulars | Quarter ended | Quarter ended | Quarter ended | Year ended |
|---|---|---|---|---|
| | 30/06/2021 | 31/03/2021 | 30/06/2020 | 31/03/2021 |
| | Unaudited | Audited | Unaudited | Audited |
| Total income from operations (net) | 175.41 | 193.58 | 133.11 | 638.01 |
| Net Profit / (Loss) from ordinary activities before tax | (16.29) | 14.22 | (26.20) | (110.01) |
| Net Profit / (Loss) from ordinary activities after tax (after Extraordinary Items) | (16.29) | 14.22 | (26.20) | (110.01) |
| Equity Share Capital | 1050.00 | 1050.00 | 1050.00 | 1050.00 |
| Reserves excluding Revaluation Reserves as per balance sheet of previous year | - | - | - | - |
| Earnings Per Share (in Rupees before / After extraordinary Items) (of ₹10/- each) | | | | |
| Basic: (₹) | (0.10) | 0.09 | (0.16) | (0.069) |
| Diluted: (₹) | (0.10) | 0.09 | (0.16) | (0.069) |

**Note:** The above is an extract of the detailed format of Standalone Unaudited financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing obligations and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of standalone Unaudited Quarterly Financial Results are available on the Stock Exchange websites at **www.bseindia.com** and also on the Company's website at **www.sharemart.co.in**

**Place :** Vadodara
**Date** : 10th Aug, 2021

By Order of the Board
For **Market Creators Ltd.**
**Dr. J. H. Shah (Chairman)**